જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર



શુભ દિપાવલી

Happy Diwali



અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૦૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૭	૧	૧૧૮	૩૯૩	૩	૩૯૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૪૦૦	૧૨	૭૩૪૧૨	૭૪૪૬૧	૧૨	૭૪૪૭૩
કુલ		૮૯૯૬૧	૧૩	૮૯૯૭૪	૯૮૯૫૭	૧૫	૯૮૯૭૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧	૬,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૫	૧,૯૫,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

મિલ્કત સંબંધી પાસા અટકાયત

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા સારૂ આવા ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા સુચના કરેલ હોય જે અંગે (૧) વાડજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૩૨૧૧૮૮૩/૨૦૨૧ ઈપીકો કલમ ૩૭૯ મુજબ તથા (૨) ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૭૨૧૧૩૮૩ /૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તથા (૩) ચાંદખેડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૧૫૭૬ /૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાઓના કામનો આરોપી ગોપાલભાઇ પીઠાભાઇ મહીડા ઉ.વ.૨૯ ધંધો-અભ્યાસ, હાલ રહે, બી-બ્લોક, રૂમ નં.૮, ગુજરાત યુનિવર્સિટી બોયસ હોસ્ટેલ, નવરંગપુરા, અમદાવાદ શહેર મુળ રહે, હરીજનવાસ, ગામ-ભાડા તા.જાફરાબાદ જી.અમરેલી નાનો પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહનોની ચોરી કરતો હોય જેને પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલ રિકવર કરી જેના વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા /૬૧૩/૨૦૨૧ તા.૦૩/૧૧/૨૦૨૧ થી સદરી આરોપીને રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૦૩/૧૧/૨૦૨૧ કલાક ૨૧/૫૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે. તા.૦૩/૧૧/૨૦૨૧.

કામગીરી કરનાર

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર કે.વી.પટેલ

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૦૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૨૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૧૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

રોકડ ઝુંટવી લઇ ગયાઃ **સમાચાર યાદી નં.૨૦૧૧/૨૦૨૧**

નવરંગપુરાઃ અપુર્વભાઇ ચંદુલાલ શાહ (ઉ.વ.૩૯)(રહે.અસારી એવન્યુ, એમ્સ હોસ્પીટલ જેઠાભાઇ પાર્ક, પાલડી) એ તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા કોમર્સ છ રસ્તા પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી અપુર્વભાઇની એકટીવાની આગળ તેમનું મોટર સાયકલ આડુ ઉભુ રાખી, અપુર્વભાઇને ધાક ધમકી આપી તેમની એકટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૯,૯૯,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

વાહન ચોરીઃ **સમાચાર યાદી નં.૨૦૧૨/૨૦૨૧**

ઓઢવઃ મિલનસિંહ જસવંતસિંહ વાઘેલા (ઉ.વ.૨૮)(રહે.સુરધારા સામ્રાજય ટેનામેન્ટ, મહાદેવનગરના ટેકરા, વસ્ત્રાલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૧/૨૦૨૧ સાંજના ૬/૦૦ થી તા.૦૩/૧૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કર્માગેસની સામે આવેલ અક્ષત એસ્ટેટ શેડ નં-૫૦ તથા ૫૧ ની વચ્ચે પોતાની લોડિંગ બોલેરો ગાડી નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૯૦૫૮ કિંમત રૂપિયા ૨,૮૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ **સમાચાર યાદી નં.૨૦૧૩/૨૦૨૧**

રામોલઃ જયશ્રી ડો/ઓ રાજુભાઇ રેગર (ઉ.વ.૧૪)(રહે.શિવપાર્ક રામરાજ્યનગર અમરાઇવાડી) તા.૦૩/૧૧/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતા અચાનક વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૧૪/૨૦૨૧**

સાબરમતીઃ દિલીપભાઇ કપુરજી પરમાર (રહે.ગણેશજી કચરાજીની ચાલી, પાવર હાઉસ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

વટવાઃ ભવ્યભાઇ અનીલભાઇ જોષી (ઉ.વ.૧૯)(રહે.અવંતી એપાર્ટમેન્ટ, દિપમાલા બંગ્લોઝ સામે, કેડીલાબ્રીજ પાસે, ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૧ સવારના ૮/૦૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ પ્રતાપસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.